Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# પુરાણોમાં ભારતીય કલા અને સંસ્કૃતિનો વારસો

**બારીયા મહેશકુમાર તખતસિંહ**
Phd scholar - Shri Govind Guru University Vinzol, Godhra
ફોન - 9512527681 Mail - maheshbariya3176@gmail.com

**પ્રસ્તાવના**

ભારતીય સંસ્કૃતિમાં ૬૪પ્રકારની કળાઓ જોવા મળી આવે છે. ભારતીય સાહિત્યમાં આ વિવિધ કળાઓનું વર્ણન જોઈ શકાય છે કેટલીક કળાઓ પુરાણ સાહિત્યમાં જોવા મળે છે તેમાંની છે વાસ્તુકળા શિલ્પકળા સંગીત કલા અને નૃત્યકળા વિશે ખૂબ જ અતિ મહત્વની કડી મળે છે.

પુરાણ સાહિત્યમાં અનેક કળાઓ જોવા મળી આવે છે ભારતભરમાં વિવિધ કળાના જાણકારો પાસે થી આપડે કળા શીખી શકીએ છીએ આ બધી કળા માં જો સર્વશ્રેષ્ઠ કળા હોય તો તે છે સંગીત કળા. સંગીત કળા નો અનેરો આનંદ માણી મનુષ્ય ગણાબધાં પ્રકારનાં દુઃખો ભૂલી જતો હોય છે અને આનંદની પ્રાપ્તી થતાં ખુશ થઈ જાય છે

આધુનિક સમયમાં આ સંગીત કળા નો અનોખો અંદાજ જોવા મળે છે આજે સંગીત ના રસિયાઓ સંગીત સાંભળીને તો આનંદ મેળવે છે પરંતુ આજના આધુનિક સમયમાં ભાગ્યેજ કેટલાક લોકોને આ સંગીત કળા આવડતી હોય છે. આ કળા વિસરાઈ ન જાય અને તેનું સ્થાન જળવાઈ રહે તે અતિ મહત્વનું કામ છે તેનાં મહત્ત્વ અને તેના અસ્તિત્વ ને બચાવી રાખવું એ આપડા હાથ માં છે.

આજે મનુષ્યો સંગીત ના તાલે ઝૂમી ઉઠે છે પરંતુ દુઃખ ની વાત એ છે કે આવડતું નથી કોઈને કે કંઈ રીતે રાગ માં ગાવું વગાડવું. સંગીત બધા ને ગમે છે પણ શીખવું નથી.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

જો સંગીતકળા નો મોટાપાયે વિકાસ થાય તો ખૂબ જ અસરકારક રીતે અસર કરશે. મોટા પ્રોગ્રામ થાય અને સંગીત ના અનેક સાધનો દ્વારા લોકો સંગીત ને સંગીન બનાવે તો અચૂક સંગીત કળાનો વિકાસ થાય.

સંગીત એ શ્રવણેન્દ્રીયનો વિષય હોવાથી આપણી સમક્ષ બીજા વિષયની જેમ દૃશ્ય પુરાવાઓ રહેતા નથી તેથી તેની ઐતિહાસિક અને ક્રિયાત્મક સળંગતાની મર્યાદાઓ રહે છે આથી સાહિત્ય સંસ્કૃતિ, ઈતિહાસ તેમજ અન્ય લલિતકલાઓના વિકાસને આધારે જે તે સમયના સંગીતની કલ્પના જ કરવાની રહે છે સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જેમ સ્વર, રાગ, તાલ ઈત્યાદિ જ્ઞાન જરૂરી છે અર્વાચીન શાસ્ત્રીય સંગીત માટે હિન્દી ભાષાનું જ્ઞાન જરૂરી છે. તેવી જ રીતે કળા ના સર્જનાત્મક વિકાસમાં આગળ વધવા ઇચ્છનાર કોઇ પણ વ્યક્તિ કળાના ભૂતકાળ તરફ દુર્લક્ષ સેવી શકે નહીં.

આપણા જીવનની શરૂઆત રુદન અને તેના જેવા ભાવાવેશવાળા અવાજો થી થાય છે અને તેથી જ આપણે શબ્દોને સમજતા પહેલા તેનો ભાવાર્થ જલ્દી સમજી જઈએ છીએ સમગ્ર માનવજીવનનો ઈતિહાસ પણ એજ વસ્તુ સાબિત કરે છે કે પૃથ્વી ની ઉત્પત્તિ થતાં ભાષા પહેલા સ્વરોની ઉત્પત્તિ થઈ એજ વસ્તુ આપણા રોજબરોજના જીવનમાં પણ અનુભવીએ છીએ કે બોલતા પહેલા સાંભળતા અને ભાષા લખવા વાંચવાનું શીખતાં પહેલા બોલતા શીખીએ છીએ

સંગીત શબ્દ સાધારણ રીતે વ્યવહારમાં તો ગાયન કે વાદન એ અર્થ વપરાય છે.

ગાયન વાદન અને નૃત્યને સંગીત કહેવાય છે પરંતુ ભારતીય કલાઓના વિસ્તારના મૂળભૂત તત્વોનો અભ્યાસ કરતાં જણાય છે કે ઇન્દ્રિયો દ્વારા સ્વર અને લય નો સ્પર્શ થતાં જેમ આપણું હદય દ્રવીભૂત થાય છે તેવી રીતે તે ઉપકરણોનો ઉપયોગ કર્યા વગર પણ મનુષ્ય માં રહેલ ચેતના, આત્મ જ્યોત, વિશ્વ માં ગુંજતા સંગીત અને કુદરતમાં રહેલ કલામય સૃષ્ટી થી આત્મવિભોર બની જાય છે ભારતીય લલિતકલાઓનો ઈતિહાસ જોતા પ્રાચીનકાળ થી મધ્ય યુગ સુધી ધર્મ અને કળાનો અતૂટ સબંધ રહ્યો છે આ સબંધ થી બંને ને પોષણ મળ્યું છે સંગીત શિલ્પ અને નૃત્યને કારણે ધર્મમાં સૌંદર્યદૃષ્ટિ આવી તો કળા અને કળાકારોમાં ધર્મ ની સાત્વિકતા પ્રગટ થઈ.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

સંગીત ની શરુઆત નાદ ઉત્પન્ન થવાની ક્રિયા સાથે થાય છે જ્યારે ઘર્ષણ દ્વારા બે વસ્તુ અફળાય છે જેમ કે ગળા માં હવા દ્વારા સ્વરો પટ્ટી નું ધ્રુજવું. સિતાર કે વીણાના તારોનું મીજરાફ દ્વારા સ્પંદિત થવું કે મૃદંગ પર હાથ થી આઘાત થવો ત્યારે નાદ ઉત્પન્ન થાય છે આ ક્રિયાઓ દ્વારા જે નાદ ઉત્પન્ન થાય છે તેને આહતનાદ કહે છે જ્યારે આ જાત ની કશી ક્રિયા વગર પણ જે નાદ પ્રગટ થઈ રહ્યો છે તેને અનાહતનાદ કહ્યો છે

કુદરતનું સૌંદર્ય અનેક મનુષ્યો નિહાળતા હોવા છતાં એકાદ ચિત્રકારના હૃદય ને અસર કરી તેને તેની નકલ કરવા પ્રેરે છે તેવી રીતે સંગીત નું ઝરણું વહેતું હોય છે પરંતુ તેને પામવા દરેક વ્યક્તિ ભાગ્યશાળી બનતી નથી કળા જેમવિશેષ સૂક્ષ્મ હોય તેમ તેને માણવા અને પામવા માટે પુરુષાર્થ પણ વિશેષ કરવો પડે છે સંગીત નૃત્ય શિલ્પ ઈત્યાદિ દરેક કળામાં તેના મૂળભૂત સિદ્ધાંતોની સાથોસાથ કલાદૃષ્ટી નો વિકાસ કરવાનું કાર્ય અનિવાર્ય થઈ પડે છે અને નહીં તો કળા એ ફક્ત અનુકરણ બની રહે છે આ ઉપરાંત પોતાની ઉત્પન્ન કરેલ કળાસૃષ્ટી માં આનંદ માણવાની શક્તિના અભાવે તે કળા ક્ષણિક કે કદાચ વ્યવસાય પૂરતી જ કામની રહે છે

હિન્દુસ્તાની સંગીત વિશ્વ ના કોઇ પણ દેશના સંગીત કરતાં વિશેષ પ્રાચીન છે તેમજ જે સૂક્ષ્મતાથી તેનો વિકાસ થયો છે તેના તરફ આજે પાશ્ચાત્ય સંગીતકારોનું પણ ધ્યાન દોરાયું છે એટલું જ નહિ તેના પ્રત્યે આકર્ષણ પણ થયું છે આપણા સંગીત માટે એ ગૌરવ નો વિષય છે.

આર્યાવર્ત માં એક સમયે એક જ સંગીત પદ્ધતિ પ્રવર્તતી હતી. છેલ્લા પાંચસો વર્ષ થી જ ઉત્તર અને દક્ષિણ હિન્દુસ્તાની સંગીત એવા બે ભેદ પડ્યા. દક્ષિણ હિન્દુસ્તાની એટલે ભૌગોલિક રીતે વિંધ્યથી નીચેનો પ્રદેશ નહી. પરંતુ ફક્ત આંધ્ર, કેરળ, અને મદ્રાસ રાજ્યમાં જ આ સંગીત પદ્ધતિ પ્રચારમાં છે. આ સિવાયના હિન્દુસ્તાનના પ્રદેશો ઉપરાંત પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ ઉત્તર હિન્દુસ્તાની સંગીતપદ્ધતિ પ્રચારમાં છે.

વૈદિક સંગીત, મૌર્ય અને ગુપ્તકાલીન સંગીત સંગીત રત્નાકર ના સમય સુધીનું સંગીત મોગલ રાજ્યકાળ દરમ્યાન ધ્રુપદપ્રધાન સંગીત તેમજ અત્યારે ખ્યાલ પ્રધાન સંગીત જોતાં જણાશે કે સંગીતકલા નું પરિવર્તન થતું જ રહ્યું છે એક સમયે ઉચ્ચ કક્ષાએ ગણાતી

સંગીત શૈલી સમયના પ્રવાહ સાથે અને નવી શૈલીની લોકપ્રિયતા સાથે અપ્રિય થતી ગઈ છે પરંતુ આ પરિવર્તન ની સાથે નવા દૃષ્ટિબિંદુઓને સુસંગત ઠરાવતા નિયમો અને શાસ્ત્રનું ઘડતર કરવું એ પણ જરૂરી છે

ભારતીય સંગીતના મૂળમાં પણ દ્રાવિડ સંસ્કૃતિ પડી છે આર્યોના આગમન બાદ વૈદિક સંગીતનો જન્મ થયો રામાયણ, મહાભારત અને પુરાણકાળમાં જાતિગાયનો નો જન્મ થયો મૌર્ય અને ગુપ્ત કાળ દરમ્યાન સંગીત અને નૃત્યનો વિશેષ કરીને નાટ્ય ના આશ્રયમાં વિકાસ થયો. મુસ્લિમો ના આક્રમણ ની શરુઆત થયા પછી આપણા સંગીત ઉપર ઈરાની અને પર્શિયન સંગીતની અસર પડી.

**સંસ્કૃતિનો વારસો**

ઉદારતા, વિચારોની સ્વતંત્રતા તથા નિર્ભીક જિજ્ઞાસા એ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે ઈતિહાસ આ વાત ની સાક્ષી પૂરે છે કે આપણે ત્યાં નવા ધર્મો કળા સંસ્કૃતી અને દર્શનની વિચારધારાઓને પ્રજા અપનાવતી રહી છે. સંગીત નો ઇતિહાસ જોતા એજ સત્ય સાંપડે છે કે સંગીત જ્યારે કલા નો પ્રાણ સાચવી શકવાની ક્ષમતા ગુમાવે છે ત્યારે મનુષ્ય ના વૃદ્ધ જર્જરિત દેહ ની જેમ તેનું ખોળિયું બદલાય છે અને કળાનો પ્રાણ ફરી બાળક સ્વરૂપે જન્મી કળાના પ્રવાહને ચાલુ રાખે છે

**અતિ પ્રાચીનકાળ**

ભારતીય સંગીતનો ઈતિહાસ હજારો વર્ષનો પ્રાચીન છે અનેક પ્રજાની સંસ્કૃતી અને કળાનું અહીં સુભગ મિશ્રણ થયું છે આપણા સંગીત ઉપર મુખ્યત્વે આર્ય, મુસ્લિમ અને યુરોપ ની સંસ્કૃતીની અસર વિશેષ જોવામાં આવે છે

**વૈદિક સંગીત**

ભારતીય સંગીતનો કડીબધ્ધ ઈતિહાસ વૈદિકકાળ થી મળી શકે છે હિન્દુસ્તાન માં આર્યોના આગમનનો સમય ઈ સ પૂર્વે પાંચેક હજાર વર્ષ પહેલાંનો મનાય છે તેઓની મૂળભૂમિ માટે જુદા જુદા મત છે જેમાંથી એક મત પ્રમાણે ઉત્તરનો ધ્રુવ પદ ગણાય છે. આર્યોના

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

આગમન બાદ વૈદીક સાહિત્ય રચાયું ઉપરાંત રામાયણ મહાભારત અને પૌરાણિક કથાઓ તેમજ જૈન અને બૌદ્ધ સાહિત્ય ઉપર થી સંગીત નૃત્ય વાધ ઈત્યાદિ બાબતો પર સારો એવો પ્રકાશ પડે છે. આદિ માનવે નૈસર્ગિક સ્થિતિમાં સંગીતને સમજ્યા વિના આવકારેલ જેમ જેમ બૌધિક વિકાસ થતો ગયો અને માનવી એક જગ્યાએ સ્થિર થઈ સમૂહમાં રહી ખેતી પાકશાસ્ત્ર ઈત્યાદિ પ્રવિણતા મેળવતો ગયો તેમ તેમ તેની વિકાસ કરતી બુદ્ધિ એ સંગીત ને સમજવાનો પ્રયત્ન કર્યો.

સવાર સાંજ દરેક પરિવાર માં ઈશ્વર ઉપાસના મંત્રો અને ગીતો દ્વારા થતી. આમ સંગીત ને તેઓ તેમના સુખ શાંતિ સમૃદ્ધિ અને ઉત્કર્ષ નું મુખ્ય કારણ માનતા. આ ઉપરથી લાગશે કે ભારતીય સંગીત નો પાયો ધર્મ ના રંગે રંગાયેલો છે.

વેદકાળ થી સંગીતના બે પ્રવાહો અસ્તિત્વ માં આવ્યા એક તો મંત્રો દ્વારા જે સંગીત વ્યવસ્થિત અને સભાન હતું તેમાંથી શિષ્ટ સંગીતનો વિકાસ થયો. આ સંગીત સમગ્ર ભારત માં એક જ રીતે ગવાતું બીજો પ્રવાહ તે લોક સંગીતનો કે જેમાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં તેની રહેણીકરણી, ભાષા અને કુટુંબજીવનને અનુલક્ષીને સ્વર અને સાહિત્ય દ્વારા હદયના ભાવોની અભિવ્યક્તિ કરાતી.

ઋગ્વેદનું સંગીત પ્રાથમિક અવસ્થામાં હતું તેમાં ત્રણ સ્વરોનો ઉપયોગ થતો ઉદ્દાત, ઊંચા સ્વરો અને અનુદાત નીચા સ્વરો અને સ્વરિત વચલા સ્વરો. ઋગ્વેદ પછી બીજા ત્રણ વેદો સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ રચાયા. જેમાં સંગીત ની દૃષ્ટિએ સામવેદ મહત્વનો ગણાય છે મોટા ભાગની સામવેદની ઋચાઓ ઋગ્વેદમાંથી જ લીધેલ છે. પરંતુ તેની સપ્તસ્વર સાથે સંગીતમય રજૂઆતને કારણે તેનું વ્યક્તિત્વ ઋગ્વેદથી જુદું પડ્યું.

વેદકાળમાં એક, બે, ત્રણ ચાર પાંચ છ અને સાત સ્વરોની ગાનક્રિયાનો ઉલ્લેખ જોવા મળે છે અને તેને અનુક્રમે આર્ચિક, ગાથીક, સામિક અને સંપૂર્ણ નામ આપવામાં આવ્યા છે

**આર્ચિક ગાન**

એક જ સ્વરમાં ગાવાનું કેવી રીતે શક્ય બને તે પ્રશ્ન સ્વાભાવિક છે પરંતુ વૈદીક સમયમાં ઈશ્વર ઉપાસના એક સ્વર થી પણ કરી શકાતી અને એક સ્વર દ્વારા ગવાતો ઓમ

શબ્દ સંગીતમય વાતાવરણનું સર્જન કરતો આ એક અક્ષર માં અ, ઉ, મ્. એમ ત્રણ વર્ણ સમાયેલા છે અને તેમાં ત્રણ શક્તિઓનું આરોપણ કરેલ છે. અ - ઉત્પાદન શક્તિ જે બ્રહ્મ સ્વરૂપે છે. ઉ - ધારણ અને પાલન શક્તિ જે વિષ્ણું સ્વરૂપે છે. મ - સંહારક શક્તિ જે મહેશ સ્વરૂપે છે. આ ત્રણ શક્તિના સમુદાય ઓમ ને ત્રિમૂર્તિ પરમેશ્વર સમાન માનેલ છે.

ઓમ એ વેદનો બીજ મંત્ર છે ભગવાન મનું કહે છે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદમાંથી અ ઉ મ આ ત્રણ અક્ષરો લઈ પ્રણવ એટલે કે ૐ શબ્દ બન્યો. પ્રણવ એ પરમાત્માનું જ મધુર નાદાત્મક નામ મનાયું છે.

**ગાથીક ગાન**

બે સ્વરોનો ઉપયોગ કરીને જે ગાન કરાય છે તેને ગાથિકગાન કહે છે ઈશ્વરના સ્મરણમાં આ રીતે બે સ્વરોનો ઉપયોગ થાય છે જેમ કે

નિ સા

રામ રામ

**સામિક ગાન**

ત્રણ સ્વરોનો ઉપયોગ કરીને જે ગાન કરાય છે તેને સામિકગાન કહે છે સામગાન શરૂઆતમાં ત્રણ સ્વરોથી ગવાતું. આ ત્રણ સ્વરોનાં નામ કૃષ્ટ મ, પ્રથમ ગ, ચતુર્થ નિ ( નારદિય શિક્ષા ૧-૨૪ )

**સ્વરાંતર**

ચાર સ્વરોના ઉપયોગ સાથેના મંત્રો અને છંદગાનને સ્વરાન્તર કહે છે.

વેદો કંઠસ્થ કરવામાં આવતાં અને કંઠસ્થ કરવાં માટે પધ રચના જ સુગમ પડે તે સ્વાભાવિક છે આ વેદો પરંપરા દ્વારા હજારો વર્ષ પછી પણ આપણને પ્રાપ્ત થઇ શક્યા તેનું મુખ્ય કારણ તેનું ગેયત્વ જ હતું ફકત એક સ્વર થી વિધ ભાવ અને વજન આવતાં નથી એટલે ઓછા માં ઓછા ત્રણ સ્વરો દ્વારા આ વૈદીક મંત્રોની રચના કરવામાં આવી.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

વૈદીક સમયમાં મહતી વીણા, પિનાકી વીણા, કાત્યાની વીણા, મત્ત વીણા, કોકિલા વીણા વગેરે વીણાના અનેક પ્રકારો પ્રચારમાં આવ્યા.વૈદિક સમયમાં યજ્ઞયાગાદી પ્રસંગોએ જે સંગીતમય મંત્રોનો ઉપયોગ થતો તેને છંદ કહેતા.

પુરાણકાળના ગ્રંથો અને સ્મૃતિ ગ્રંથો પર થી સ્પષ્ટ જણાય છે કે સંગીત અને ધર્મ એકબીજામાં વણાઈ ગયા હતા અને મોક્ષ ની પ્રાપ્તી માટેનાં અન્ય માર્ગો ની જેમ સંગીતને પણ મોક્ષ પ્રાપ્તિ માટેનું સાધન માનેલું છે.

સામવેદ ના મંત્રોનું સ્વરૂપ અવરોહાત્મક હતું. આ સ્વરૂપ ને આરોહત્મક કરવામાં વાદ્યો નો ફાળો વિશેષ છે. વૈદીક કાળ થી પુરાણ કાળ સુધીમાં વીણાના અનેક પ્રકારો અસ્તિત્વ માં આવ્યા. વીણા ઈત્યાદિ વાદ્યો ની રચના જોતાં જણાશે કે સ્વરોનું આરોહાત્મક સ્વરૂપ સરળ છે. સંગીત માટેના વાદ્યોના ચાર પ્રકારોનો રામાયણમાં ઉલ્લેખ કરાયેલો છે. તે જોતાં તે સમયમાં થયેલ વાદ્યો નો વિકાસનો ખ્યાલ આવે છે.

(1) તંતુવાધ - વીણા, તંત્રી, વિપંચી, કિન્નરી

(2) સુષિર વાધ - વેણુ, શંખ, તુણવ

(3) અવનધ્ધ વાદ્યો - મૃદંગ, ડીડીભ, દુંદુભિ,ભેરી,તુર્ય

(4) ધન વાધો - કાંસ્ય, આધાતી, ઝાંઝર

આ એક તરફ માર્ગી સંગીતનો વિકાસ થતો હતો તો બીજી બાજુ તરફ ગાયન વાદન અને નર્તન નો ધંધો કરનાર વર્ગ પણ હતો. તેમનો હેતુ મનોરંજન આપવાનો હતો.

**ભરતનાટ્યકળા**

અહી નૃત્યકળા માટે લખવામાં આવેલ પુસ્તક છે જેમાં બધાં શ્લોકો તેરમી સદીમાં લખાયેલ સંગીત રત્નાકર ના નૃત્યાધ્યાય માં આપેલ છે.

સંગીત,નૃત્ય અને નાટ્ય નો આ પ્રમાણભૂત ગ્રન્થ આશરે ઈ સ પૂર્વે 300 ની આસપાસ લખાયો છે નાટ્ય અંગેની તેમની ઝીણામાં ઝીણી વિગતો જોતા તેઓ એક વિદ્વાન

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

નાટ્યકાર હશે એમ લાગે છે આ ગ્રન્થ માં કુલ ૩૭ અધ્યાય છે. તેમાંથી ૨૭ અધ્યાય તો નાટ્ય વિષે લખેલ છે. અને ૧૦ અધ્યાય સંગીત વિષય પરના છે.

**સંગીત મકરંદ**

ઈ સ ૭૦૦ થી ૯૦૦ આસપાસમાં સંગીત મકરંદ નામનો ગ્રંથ નારદ નામના પંડિતે લખ્યો. મતંગ ના બૃહદ્દેશી માં જે રાગો ના નામ છે તેના કરતાં સંગીત મકરંદ માં આપેલ રાગોના નામો આજના પ્રચલિત રાગોના નામો સાથે ઘણું સામ્ય ધરાવે છે

(1) પુરુષ રાગોનાં રસ - રૌદ્ર, અદભુત, વિર

(2) સ્ત્રી રાગોના રસ - શૃંગાર, હાસ્ય અને કરુણ

(3) નપુંસક રાગો ના રાસ - બીભત્સ, ભયાનક, શાંત

**ગુજરાતમાં સંગીત**

ગુજરાતમાં સંગીત નથી અથવા મૃત પ્રાયઃ સ્થિતિમાં છે એવી માન્યતા અન્ય પ્રાંતો માં છે પરંતુ ગુજરાતનો ઇતિહાસ જોતા આ હકીકત બરાબર જણાતી નથી સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત માં અન્ય પ્રદેશ કરતાં ઓછા સંગીત વિદ્વાનો હશે. પરંતુ ગુણવત્તા જોતાં આ સંગીતકારો પ્રથમ  કક્ષા ના હતાં. પ્રાચીન અને મધ્યકાલીન યુગના ગુજરાતના સંગીતનો વિચાર કરતાં પુરાણ કથાઓ, ઈતિહાસ તેમજ સાંસ્કૃતિક ઇતિહાસનો આધાર લેવો અનિવાર્ય છે. ગુજરાતની લોકનૃત્ય ની પરંપરાઓ શાસ્ત્રોક્ત આધાર નંદિકેશ્વર ના ભરતાર્ણવ બને.

**ઓગણીસમી સદીના ગુજરાતના ગાયક વાદક અને ગ્રન્થકારો નામો**

(1) પં. આદિત્યરામજી - મૃદંગવાદક

(2) રહિમખાન - બિનકાર

(3) ચંદ્રપ્રભા - ગાયિકા

(4) ઘનશ્યામલાલજી - હાર્મોનિયમવાદક

કાલિદાસ જેવાં જગપ્રસિદ્ધ નાટ્યકાર અને કવિએ જેમનું નામ આદરથી નિર્દેશ્યું છે એવાં ભરત મુનિએ નાટ્યશાસ્ત્ર નામના ગ્રંથની રચના કરી છે. ઋષિઓએ ભરતમુનિને નાટ્યવેદની ઉત્પત્તિ, લક્ષણ અને નાટય પ્રયોગ કેમ કરવો એ વિશે જિજ્ઞાસાથી પ્રશ્નો પૂછ્યા છે અને ભરતમુનિએ એ પ્રશ્નોના વિસ્તાર થી જવાબ આપ્યા છે ભરત ના કહેવા મુજબ દેવોએ પોતાના મનોરંજન માટે બ્રહ્માને વિનંતી કરી બ્રહ્માએ પોતે રચેલા ચાર વેદોના સારરૂપ પાંચમો નાટયવેદ સર્જ્યો. તેનું જ્ઞાન મેળવવા દેવોએ અશક્તિ બતાવી તેથી બ્રહ્મા એ ભરત મુનિને નાટયવેદનું જ્ઞાન આપ્યું.

**વીણા**

વીણા એ ભારતીય સંગીતના વાદ્યો માં આદિ વાધ તરીકે ગણાય છે. ભગવતી ભારતી જે વાધ ને પોતાનું કરી પોતાના વક્ષ સ્થલ ઉપરથી જરા પણ અળગું કરી શકતા નથી એવી વીણાના યશોગાન ભારતીય કલાકારોએ મુક્તકંઠે ગાયા છે. તેમાં અનેક પ્રકારનો રસાસ્વાદ કરાવવાની અમોઘ શક્તિ રહેલી છે. તેનું હૃદયસ્પર્શી વાદન હૃદય ને અને મનને આનંદિત કરે છે. તે રાજાના અંત પુર થી માંડી રંક ની ઝૂંપડી સુધી પહોંચેલી છે. તેના તારો પર આર્ય સંગીત નો કીર્તિ કળશ ઝળહળે છે.

તેના દરેક ભાગોમાં દેવોનો વાસ રહેલો છે . શંભુ , ઉમા, વિષ્ણુ , બ્રહ્મા, સૂર્ય, ઈન્દ્ર અને વાસુકીનો વાસ રહેલો છે એવું ભારતીય શાસ્ત્રકારો પણ કહે છે. પૌરાણિક અખ્યાયિકા પ્રમાણે વીણા નો પ્રથમ આવિષ્કાર સંગીતના શ્રેષ્ઠ આચાર્ય ભગવાન શંકરે કર્યો છે.

**ભારતીય વીણા**

ભારતીય તંતુવાદ્યોમાં વીણા એક સર્વોત્તમ વાધ છે એ વીણાને વેદ કાલીન વાધ ગણવામાં આવે છે જેના મધુર ઝંકારમાં પ્રકૃતિની પ્રત્યેક કલા તાલની સાથે નૃત્ય કરે છે જ્ઞાન, ધ્યાન અને આનંદ ની અધિષ્ઠાત્રી ભગવતી સરસ્વતી પોતાના હૃદય ઉપર સ્થિર કરી કરાંગુલિયોથી તેને વગાડે છે અને સમસ્ત અજ્ઞાત વિશ્વ ને જાગ્રત કરે છે જ્ઞાન માટે મંગલ પ્રેરણાઓનું પ્રદાન કરે છે. તેથી તો તેને વીણા પુસ્તક ધારીની કહેવામાં આવે છે.

દક્ષિણ ભારતમાં સંગીત માં કઈ પણ પરિવર્તન થયું ન હતું. તે લોકોએ પોતાની પ્રાચીન પ્રણાલિકાઓ જાળવી રાખી અને તે પ્રમાણે તેઓ ગાયન વાદન અને નૃત્ય કરતાં. તેઓનું વીણા વાદન વિશિષ્ટ પ્રકાર નું હતું. તેમજ દક્ષિણ ભારત ના લોકો સંગીત પ્રત્યે વધુ અભિરુચિ દર્શાવતા હતા. તેઓ સંગીત નો ઉપયોગ ઈશ્વરોપાસના માં કરતાં હતાં. અને કરે પણ છે. આજે પણ દક્ષિણ ભારત માં વીણા સાથે ગાયન કરવામાં આવે છે.

પુરાણોમાં સંગીત નો વ્યવસાય કરવાવાળાઓને ગાંધર્વ અને કિન્નરી તરીકે ઊલ્લેખ કર્યો છે. નારદ, વિસ્વાવશું, હાહા, ભરત, તુંબરું, શૈલુશ, ચિત્રસેન જેવા નામો આપેલા છે. તેઓ વીણા સાથે દેવ સભામાં અને ઈન્દ્ર ની સભામાં ગાયન કરતાં હતાં. અને ગાંધર્વો ગાંધાર પ્રદેશના અસલ રહીશ કેમ ન હોઈ શકે? સંગીત માં પણ પ્રથમ ગાંધાર ગ્રામનો ઊલ્લેખ છે. એ ગાંધર્વોની સંગીત સબંધી રસપ્રદ વાતો પણ પુરાણોમાં ગણી જાણવા મળે છે. અર્થાત પૌરાણિક સમયમાં રાગદારી સંગીત સમાજ માં અસ્તિત્વ માં હતું. તે સંગીત મનોરંજનનું પણ એક અગ્રણ્ય સાધન બની ચૂક્યું હતું. આ સમયમાં વીણા ઓ ગણી પ્રચારમાં આવી ચૂકી હતી. વીણા ના વાદકો અને શાસ્ત્રીય જ્ઞાતાઓ સાથે પૌરાણિક ગાથાઓએ નામો જોડેલા છે.

(1) નારદ - મહતી

(2) તુંબરૂ - કલવતી

(3) સરસ્વતી - કચ્છપી

(4) ભરત - ભારતી

**સારાંશ –**

આમ પુરાણ સાહિત્યમાં સંગીત નૃત્યકળા નો મહિમા વિશેષ જોવા મળે છે. સંસ્કૃતિ ના સર્જનનું પાયાનું તત્વ સંગીત રહ્યું છે ભારતની સંસ્કૃતિનાં પાયામાં સંગીત રહેલું છે. જ્યારે જ્યારે આપણે શાસ્ત્રીય સંગીતનો વિચાર કરીએ છીએ ત્યારે એક વાત ધ્યાન માં રાખવી જરૂરી છે કે લોક સંગીત, સુગમ સંગીત, ફિલ્મ સંગીત, નાટ્ય સંગીત, હવેલી સંગીત એવી વિવિધ સંજ્ઞાથી આપણે સંગીત વિધાને વિભાજિત કરી છે કે વર્ગીકૃત કરી છે કોઈપણ વિધાને વર્ગીકરણ

સારા ચોકસાઈ પૂર્વક સમજવાનો એમાં પ્રયાસ છે. આમ સંગીત નૃત્યના મહત્ત્વ અને તેના સંવર્ધન માટે અથાગ પ્રયત્ન અને તત્પર રહેવું અનિવાર્ય છે.

**સંદર્ભ**

(૧) ભારતીય સંગીતનો વિકાસ, અમુભાઈ વી દોશી,

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય ૧૯૭૫

(૨) નાટયશાસ્ત્રમાં નૃત્ય અને સંગીત નિરૂપણ - ડૉ. પી. યુ શાસ્ત્રી ૨૦૧૨

(૩) ભારતીય વીણા - રસિકલાલ એમ પંડ્યા ૧૯૭૮

(૪) ભવરંગ સંગીત મહોત્સવ ૨૦૦૩ સ્મારીકા , પિયુષ પારાશર્ય ૨૦૦૪

(૫) નાટ્યશાસ્ત્ર - ભરતમુની